શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપ્પક

વર્ષ : ૨૧
અંક : ૭

## જાતીય સમાનતા

જાતિય સમાનતા હાંસલ કરવી અને તમામ મહિલાઓ અને છોકરીઓનું સશક્તિકરણ કરવું.

૫.૧ દરેક સ્થળે તમામ મહિલાઓ અને છોકરીઓ સામેના તમામ પ્રકારના ભેદભાવોનો અંત લાવવો.

૫.૨ માનવ તસ્કરી અને જાતીય તથા અન્ય પ્રકારના શોષણ સહિત જાહેર અને ખાનગી સ્તરે તમામ મહિલાઓ અને છોકરીઓ સામેની તમામ પ્રકારની હિંસાનો અંત લાવવો.

૫.૩ વહેલી ઉંમરે બાળ લગ્ન બળજબરી લગ્ન તેમજ સ્ત્રી જનન અંગછેદન જેવી તમામ હાનિકારક પ્રવૃતિઓને નાબૂદ કરવી.

૫.૪ જાહેર સેવાઓ, માળખાગત તથા સામાજિક રક્ષણ નીતિઓની જોગવાઈ દ્વારા ન દાખવાયેલી કાળજી અને ઘરેલુ કામગીરીને માન્ય રાખીને તેની કિંમત કરવી અને રાષ્ટ્રીય યોગ્યતા તરીકે પરિવાર અને ઘરમાં જવાબદારીઓની વહેંચણી કરવી.

૫.૫ રાજકીય, આર્થિક અને જાહેર જીવનમાં નિર્ણય લેવાના તમામ સ્તરે નેતૃત્વ માટે મહિલાઓના સંપૂર્ણ અને અસરકારક સહભાગીપણા તથા સમાન તકોને સુનિશ્ચિત કરવી.

૫.૬ પ્રોગ્રામ ઓફ એકશન ઓફ ધ ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન પોપ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ તેમજ તેની સમીક્ષા પરિષદોના દસ્તાવેજો સંબંધિત એકશન એન્ડ ધ આઉટકમના બેઈજિંગ સુનિશ્ચિત કરવી.

૫.૭ આર્થિક સંસાધનો, તેમજ જમીન અને તમામ અન્ય પ્રકારની સંપતિ, નાણાકીય સેવાઓ, વારસો અને કુદરતી સંપદા પર માલિકી અને નિયંત્રણના મહિલાઓને સમાન અધિકારો પ્રદાન કરવા તથા રાષ્ટ્રીય કાયદાઓના અનુસરણ સાથે સુધારાત્મક પગલાં ભરવા.

૫.૮ મહિલા સશક્તિકરણને પ્રોત્સાહિત કરવા માટે ઉપયોગમાં લેવાતી ટેકનોલોજી, ખાસ કરીને માહિતી અને સંદેશાવ્યવહાર ટેક્નોલોજીના ઉપયોગને વિસ્તારવો.

૫.૯ તમામ સ્તરે તમામ મહિલાઓ અને યુવતીઓ માટે જાતીય સમાનતા અને સશક્તિકરણના પ્રોત્સાહન માટે સ્થિર નીતિઓ અને લાગૂ પડતી ધારાઓને સુદઢ કરવા અને સ્વીકારવા.

સંદર્ભ : સાતત્યપૂર્ણ વિકાસના ધ્યેયો

**પ્રિય વાચક મિત્રો,**
ટપક તેમજ સંસ્થાકીય પ્રવૃતિઓ માટે આપ સહયોગ રાશી મોકલી શકો છો. આ રકમ ચેક અથવા ડ્રાફટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો.

**'પ્રાર્થના' પ્રિમિયમ વગરનો વીમો છે.**

## આંતરપાકના અનોખા ફાયદા

આંતરપાક કરવાની પ્રથા પરંપરાગત રીતે ચાલી આવી હતી. જેનો ઉપયોગ હવે ઓછો થતો જોવા મળે છે જેમ નવી અદ્યતન ટેકનોલોજીએ માનવીના જીવનની દીશાને ઓળંગી છે, પણ આપણી જુની પદ્ધતિથી જ અત્યારે વધારે ફાયદો થતો જોવા મળે છે એ વાત ચરખા ગામના ગોપાલભાઈ લખાભાઈ સુસરાએ સાબિત કરી બતાવી. પરંપરાગત ખેતી પદ્ધતિ તરફ જવામાં આંતરપાકના ફાયદા બાબતે પોતાનો અનુભવ સંસ્થાના કાર્યકરને જણાવ્યો તે નીચે મુજબ છે

હું ખેતી પર નિર્ભર છું. રોકડીયા પાકોની વધુ આવક મેળવવા મોટા ભાગના ખેડૂતોએ આંતરપાક કરવાનું બંધ કરતા તેમાં હું પણ સામેલ થયો. પરંતુ આ વિસ્તારમાં ખેડૂતો સાથે કામ કરતા હરિરાજના કાર્યકરો સાથે મુલાકાત થતાં ફરી આંતરપાક કરવાનુ શરૂ કર્યુ છે ત્યારથી વધારે ઉત્પાદન અને તેમાં આવકમાં વધારો જોવા મળ્યો છે. આ આંતરપાકમાં તલ, અડદ, મકાઈ વગેરે જેવા પાકોનો ઉપયોગ કરીને સારી એક સાથે બે ઉપજ મેળવી શકીએ છીએ. આંતરપાકની વધુ માહીતી ઉતમ કપાસની પહેલ કાર્યક્રમની તાલીમોમાંથી મળી મને ખરીફ ૨૦૧૮ના પાકમાં ઉત્પાદન અને આવકમાં ફાયદો થયો છે તેના કારણે જમીન પણ સારી બની હોય તેમ લાગે છે. આંતરપાક (ખાસ કરીને કઠોળ વર્ગના) મુખ્ય પાકને વધારે અનુકુળ રહે છે. જીવાત કે ઈયળના ઉપદ્રવ ઘટાડે છે. આંતરપાકથી પાણી જે આપણા જીવનની કીમતી વસ્તુ જેનો વધારે બચાવ પણ થાય છે જો આંતરપાકથી જમીનમાં ભેજ જળવાઈ રહે છે. આંતરપાકમાં નીદામણ ઓછુ જોવા મળે છે. તેમાંથી જમીન માંથી નાઈટ્રોઝન શકિત વધે આંતરપાકનો મુખ્ય ફાયદો એક સાથે બે ઉત્પાદન લઈ શકાય અને આવકમાં વધારો થાય છે. તેમજ મુખ્ય પાકના ઉતારા પ્રમાણે વધે છે. આંતરપાક વાવવાથી ખેડુતને ફાયદો થાય છે અને તેની જમીનમાં પણ મુખ્ય તત્વો જળવાઈ રહે છે.



**નિષ્ફળતા મળે તો હિંમત રાખવી, સફળતા મળે તો વિનમ્રતા રાખવી.**

## આ ચોમાસે

આ વરસાદ પણ તમારા જેવું કરે છે...
મન મૂકીને વરસતો જ નથી !!!
આમતેમ અથડાતી વાદળીઓ જેવું,
ગોરંભે મલકાતું તપ્ત આ મન....
એકાદ બે ફોરાંનું હોય આચમન ???
આ ગોરંભો પણ તમારા જેવું કરે છે,
મન ભરીને ગરજતો જ નથી.....!!
એકાદી લ્હેરખીનો એકાકી સ્પર્શ,
એને ચોમાસું કેમ કહેવાય ????
ઘેરાઈ, ફેલાઈ આમતેમ મલકાઈ–
વેરાતું જાય કેમ ઘનઘોર ગગન ??
આ ઉમળકો પણ તમારા જેવું કરે છે.....
મન ભરીને કદી ઉમટતો જ નથી.....!!
માંડમાંડ સાચવી છે મોંઘી પ્રતિક્ષા,
એમાં આકાશી કોર જેવી આશ,
વરસાવાની વાત જો હોય એક પળમાં,
તો ભીંજાવું આરપાર હોય....
આગાહીનો અવસાદ પણ,
તમારા જેવો છે............
મનને મુકીને એ કદી ખસતો જ નથી...!!



## રક્ષાબંધન તહેવાર એટલે શું.......????

રક્ષાબંધનનો તહેવાર શ્રાવણ મહિનાની પૂનમના દિવસે મનાવવામાં આવે છે. આ તહેવાર ભાઈ બહેનને પ્રેમની દોરીમાં બાંધે છે. આ દિવસે બહેન ભાઈના માથા પર તિલક લગાવી તેને પોતાની રક્ષા માટે નાજુક દોરાનું એક બંધન બાંધે છે. જેને રાખડી કહેવાય છે. રાખડીનો સાચો અર્થ પણ એ જ થાય છે કે કોઈને પોતાની સુરક્ષા માટે બાંધી લેવો. આ દિવસે બહેનો પોતાના ભાઈને રાખડી બાંધીને પોતાના જીવનની રક્ષાની જવાબદારી સોંપી દે છે. અને ભાઈ પોતાની બહેનને આર્શીવાદ આપી આ જવાબદારીને નિભાવે છે.



**જે સમયથી ન સમજે તેને સમય સમજાવી દે છે.**

## સંકલિત રોગ અને જીવાત નિયંત્રણની તાલીમ

બીસીઆઈ પ્રોગ્રામ અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે સંકલિત રોગ અને જીવાત નિયંત્રણની તાલીમ યોજાઈ હતી. ઉતમ કપાસની પહેલ (બીસીઆઈ) પ્રોગ્રામ અંતર્ગત તા. ૧૮.૦૭.૨૦૧૯ના રોજ અમરેલી, ખાંભા, જાફરાબાદ તથા ધોકડવા વિસ્તારમાં ખેડૂતો સાથે કામ કરતાં ૪૦થી વધારે ભાઈઓ અને બહેનો કાર્યકરોની તાલીમ યોજાઈ હતી, જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના જુદા જુદા વિષય નિષ્ણાંતો દ્વારા વકતવ્યો દ્વારા તાલીમ આપવામાં આવી હતી. જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. એન. એસ. જોષીએ કપાસના પાકમાં જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ ૨૦૧૮ માં થયેલ સંશોધનની ભલામણો જેવી ગુજરાત રાજયના પિયત વિસ્તાર માટે નોન બીટી ઉગાડવા ખેડૂતો માટે હીરસુતમ કપાસની જાત ગુજરાત જુનાગઢ કપાસ ૧૦૨ તથા જી કોટ હાઈબ્રોડ ૨૨ જાતનું વાવેતર કરવા માટે ભલામણ કરવામાં આવે છે. જેનું એક હેકટર ૨૨૧૫ કિલોગ્રામ ઉત્પાદન જોવા મળ્યું, તલના પાકમાં જીવાતોનું પ્રમાણ ઘટાડવા અને પરભક્ષી જીવાતોની સક્રિયતા વધારવા આંતરપાક તરીકે અડદ(૨ લાઈન તલ + એક લાઈન અડદ) ના વાવેતરની ભલામણ કરવામાં આવી. એગ્રી એન્જીનિયરીગ વિષય નિષ્ણાંત પ્રીતીબેન જયસ્વાલે ખેત તલાવડી, કૂવા બોર રિચાર્જ અને ટપક તથા ફુવારા પદ્ધતિ દ્વારા પાણી બચાવવા માટેની પ્રવૃતિઓ વિષે વાત કરી હતી. જેમાં ટપક પદ્ધતિમાં ત્રણ પ્રકારના ફિલ્ટર વિષે વાત કરવામાં આવી હતી. ૧. સ્કીન ફિલ્ટર, ૨.ડિસ્ક ફિલ્ટર, ૩. હાઈડ્રો સાઈકલોન ફીલ્ટર અને ૪. સ્કીન



**કોઈને Prove કરવા નહિ, ખૂદને Improve કરવા મહેનત કરો.**

ફિલ્ટર વિશે વાત કરવામાં આવી વિસ્તરણ શિક્ષણ વૈજ્ઞાનિક શ્રી વી. એસ. પરમાર કપાસમાં આવતી ગુલાબી ઈયળનું સંકલિત વ્યવસ્થાપન કઈ રીતે કરવું જેમાં જુદી જુદી ચાર પદ્ધતિઓ દ્વારા નિયંત્રણ કરવામાં આવે છે. જેમાં કર્ષણપદ્ધતિ, જૈવિક યાંત્રિક અને રાસાયણિક પદ્ધતિ દ્વારા જીવાત નિયંત્રણની વાત કરવામાં આવી. વાવેતર બાદ ફૂલ અને ચાપકા બેસવાના સમયે ૧ હેકટરે ૫ ફેરોમોન ટ્રેપ મુકવી. જેમાં એક ટ્રેપમાં ૭ થી ૮ ફૂદા આવે એટલે તુરંત ૪૦ ટ્રેપ મુકવાની ખેડૂતોને ભલામણ કરવી. ત્યારબાદ વિષય નિષ્ણાંત એગ્રોનોમી પી. જે. પ્રજાપતી એ કપાસના પાકમાં નીચે મુજબના પોષક તત્વો પર વાત કરવામાં આવી.

૧.બંધારણીય તત્વો : કાર્બન, હાઈડ્રોજન, ઓકિસજન, ૨. મુખ્ય પોષકતત્વોઃ નાઈટ્રોજન, ફોસ્ફરસ, ,પોટેશ્યમ ૩. ગૌણ પોષકતત્વો : કેલ્શિયમ મેગ્નેશિયમ, સલ્ફર ૪. સુક્ષ્મતત્વોઃ લોહ, મેગેંનીઝ, તાંબુ, જસત, બોરોન, મોલીબ્ડેનેમ, કલોરીન, નિકલ

**કપાસના પાકમાં ખાતરની ભલામણ**

| | | | |
|---|---|---|---|
| કપાસ | ૬૦–૨૫–૭૫<br>૬૦–૨૫–૭૫<br>૬૦–૦–૦<br>૬૦–૦–૦ | વાવણી વખતે<br>૩૦ દિવસે<br>૬૦ દિવસે<br>૯૦ દિવસે | ૧. છા.ખા. ૧૦ ટન/હે. આપવું.<br>૨. ૨ % યુરિયાનો છંટકાવ ફુલ અવસ્થાએ અને ત્યારબાદ ૧૫–૨૦ દિવસના અંતરે કરવો.<br>૩. બીટી કપાસમાં ૩% પોટેશિયમ નાઈટ્રેટના ૩ છંટકાવ કરવા.<br>૪. જમીન ચકાસણી મુજબ ફોસ્ફરસ, પોટાશ, મેગ્નેશિયમ, ગંધક અને સુક્ષ્મ તત્વો આપવા. |




**આવે ત્યારે નાની અને જાય ત્યારે મોટી લાગે તેનું નામ 'તક'**

નાબાર્ડ(બર્ડ) મેન્ગલુરુ દ્વારા આયોજીત કલાઈમેન્ટ ચેન્જ કાર્યક્રમ ગોવા ખાતે ૨૭ જુલાઈ થી ૨૯ જુલાઈ દરમ્યાન યોજવામાં આવેલ હતો, જેમાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અમરેલીથી શ્રી નરેન્દ્ર પોંકીયા, શ્રી પ્રેમલ જોષી, શ્રી કૌશિક પંડયા અને શ્રી રોહિત મોકરીયાએ ભાગ લીધો હતો.

નાબાર્ડ(બર્ડ) મેન્ગલુરુના જોઈન્ટ ડાયરેકટર શ્રી લક્ષ્મીનારાયણ, પ્રોગ્રામ ડાયરેકટર શ્રી એલ. સંજીવી તેમજ પ્રોગ્રામ ડાયરેકટર શ્રી રોહીણી વર્મા હાજર રહેલ હતા.

## કલાઈમેટ ચેન્જની અસર અને ઉપાય

કલાઈમેન્ટ ચેન્જની અસરો જેવી કે વધતું જતું તાપમાન, વરસાદ પડવાની પેટર્ન, પાણીના સ્ત્રોત અને જરૂરીઆત, માણસ દ્વારા જીવ શ્રુષ્ટિ ને નષ્ટ કરવામાં આવી છે. દરીયો ગરમ થવાના પરિણામે ઓછો વરસાદ વરસી રહયો છે, પ્લાસ્ટિક અને પ્રદુષણના કારણે કાર્બન ડાયોકસાઈડ ઝાડ દ્વારા શોષાઈ જાય છે. પહેલા આપણે ઓસ્ટ્રેલીયાથી કોલસાની આયાત કરતા હતા. કોલસો તેમજ ચામડા ઉદ્યોગ અને કલર ઉદ્યોગ સૌથી વધારે વાતાવરણને નુકશાન પહોંચાડવામાં અગત્યનો ભાગ ભજવે છે. તેમજ ગ્રીનહાઉસગેસને પણ નુકસાન પહોચાડે છે. ગ્લોબલ વોર્મિંગ થવાનું મુખ્ય કારણ જો ગણીએ તો કલાઈમેન્ટ ચેન્જ છે. કલાઈમેન્ટ ચેન્જના કારણે વરસાદી દિવસોમાં ફેરફાર જોવા મળે છે. જેમકે દક્ષિણ ભારતમાં ૯૦ દિવસ વરસાદ આવે જયારે ઉતર ભારતની વાત કરીએ તો માત્ર ૩૦ દિવસો જ વરસાદી જોવા મળે છે. તો તેને અટકાવવા/ ઘટાડવા માટે પ્રયત્ન હાથ ધરવા જરૂરી છે.



**મન ભરીને જીઓ, મનમાં ભરીને નહિ.**

## આબોહવા પરિવર્તનની કૃષિ અને પાક ઉત્પાદન પર અસર

આબોહવામાં ફેરફાર થયાનું આપણે પણ ચોકકસપણે અનુભવીએ છીએ. આબોહવા પરિવર્તનની અસર કૃષિ ઉત્પાદકતા પર પ્રત્યક્ષરૂપે ઉષ્ણ તાપમાન, વરસાદ અને કાર્બન ડાયોકસાઈડના પ્રમાણમાં ફેરફાર થવાથી અને પરોક્ષ રીતે જમીન આરોગ્ય તેમજ રોગ–જીવાતોનો ફેલાવો તથા ઉપદ્રવમાં ફેરફાર થવાથી થાય. આબોહવા પરિવર્તનથી પાકનું ઉત્પાદન અનિર્ણીત તથા ઓછું અનુમાનીત બનશે. આબોહવા પરિવર્તનની પાક ઉત્પાદન પર ટુંકા ગાળામાં ઓછી પરંતુ લાંબાગાળે મોટા ભાગના પાકો પર વધુ વિપરીત અસર થશે. કૃષિમાં આબોહવા પરિવર્તનની ફાયદાકારક અને નુકશાનકારક અસર થઈ શકે. વરસાદ તેમજ કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ વધવાથી પાકોનું ઉત્પાદન વધે. જો કે આબોહવા પરિવર્તનને કારણે ઉષ્ણતામાન, શીત તથા ઉષ્મ લહેરો, અનાવૃષ્ટિ તથા અતિવૃષ્ટિ, વર્ષારહિત ગાળો, ચક્રવાત, વાવાઝોડા, ધોવાણ વગેરે વધવાથી ફાયદા કરતાં નુકશાન વધારે થાય. એકવીસમી સદીના અંતે વિશ્વના કુલ કૃષિ ઉત્પાદનમાં ૧૦ થી ૪૦% ઘટાડો થવાનો અંદાજ છે. છેલ્લાં વર્ષોથી વૈશ્વિક ઉષ્મીકરણ થયું છે. જેના લીધે વરસાદનું પ્રમાણ વધ્યું છે. ચોમાસુ ઋતુમાં વરસાદના કુલ દિવસોમાં ખાસ કોઈ ફેરફાર થયેલ નથી, પરંતુ ભારે વરસાદના બનાવો વધ્યાં છે. વર્ષારહિત ગાળો લંબાયો છે. ભારે વરસાદ સાથે તોફાની પવન અને વાવાઝોડાનું પ્રમાણ, ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારમાં વિશેષ પ્રમાણમાં વધ્યું છે.



**જો તમને બધું ચાલે તો તમે બધે ચાલો.**

## Happy Birthday

| | |
|---|---|
| Tajgi Sagarka | 08.08.1999 |
| Shilpa Balai | 11.08.1998 |
| Rekhaben Bhetariya | 11.08.1983 |
| Shilpa Tank | 15.08.1993 |
| Divya Gadhadara | 15.08.1993 |
| Sanjay Bambhaniya | 20.08.1997 |
| Lalubhai Ramu | 22.08.1994 |
| Kishan solanki | 25.08.1997 |

## In this month

| | |
|---|---|
| 8-9 | United way and Black & veatch visit at Bhakodar, Kovaya and Bherai. |
| 10 | INGJ 27 staff training on IPDM Dhokadva. |
| 15-17 | Orientation on method & straegy to facilitator LAMP intermation, Bhachau. |
| 22-25 | TOT on early childhood education, Delhi organise by AIF. |
| 24-25 | Balsamuh training at Bhavanagar. |
| 28 | SMC fedaration & RTE training (SMC, PRI& CE training). |
| 31 | Suppot Visit Cotton Connect at Ahmedabad. |

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2018-20
Valid Upto 31/12/2020

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

SSKK

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**પૈસાને હંમેશા ખીસ્સામાં જ રાખજો, મગજમાં નહિ.**